# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 12-08-2024** **MIDDAY : 2.30 to 2.35pm**

**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)

# RAJYAKAKSHA 15TH AUGUST

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં ખેડાના નડિયાદ ખાતે ધ્વજવંદન સમારોહ દરમિયાન રાજ્યકક્ષાના સ્વતંત્રતા પર્વની ઉજવણી કરાશે. જ્યારે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરી બનાસકાંઠામાં, નાણામંત્રી કનુભાઇ દેસાઈ સુરતમાં, આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલ મહેસાણામાં, કૃષિમંત્રી રાઘવજી પટેલ જુનાગઢમાં ધ્વજવંદન કરશે.

ઉદ્યોગમંત્રી બલવંતસિંહ રાજપૂત કચ્છમાં, પાણી-પૂરવઠા મંત્રી કુંવરજી બાવળિયા અમરેલીમાં, પ્રવાસન મંત્રી મુળૂભાઈ બેરા બોટાદમાં, શિક્ષણમંત્રી ડૉ. કુબેર ડિંડોર સાબરકાંઠામાં, મહિલા અને બાળવિકાસ મંત્રી ભાનુબેન બાબરિયા ગીરસોમનાથમાં અને ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી વડોદરામાં જિલ્લાકક્ષાની સ્વતંત્રતા પર્વની ઉજવણીમાં ઉપસ્થિત રહેશે.

-----------------

# HAR GHAR TIRANGA - DISTRICT

રાજ્યભરમાં હરઘર તિરંગા અભિયાનની ઉજવણી થઈ રહી છે.

મહેસાણાના વિસનગર ખાતે આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલની અધ્યક્ષતામાં તિરંગા યાત્રા યોજાઇ. રેલવે પોલીસે પણ હરઘર તિરંગા કાર્યક્રમ યોજ્યો હતો.

સાબરકાંઠા જિલ્લાના ઈડરમાં ઈડર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજથી નગરપાલિકા સુધી યોજાયેલી તિરંગા યાત્રામાં મોટી સંખ્યામાં પોલીસ

કર્મચારીઓ ઈડરના ધારાસભ્ય, કર્મચારીઓ, વિદ્યાર્થીઓ સહિત શહેરીજનો જોડાયા હતા.

જામનગરના જામજોધપુર ખાતે રાજ્યમંત્રી મુળૂભાઈ બેરા સહિતના રાજકીય આગેવાન અને વહિવટી તંત્રના ઉચ્ચઅધિકારીઓ, સ્થાનિકો અને સામાજિક આગેવાનો સહિત 2 હજાર 200થી વધુ લોકો હરઘર તિરંગા યાત્રામાં જોડાયા હતા.

ગીરસોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકામાં આવેલા આલીદર ગામમાં ગ્રામજનો, ખેડૂત ભાઈ-બહેનો, સ્થાનિક આગેવાનો સાથે હરઘર તિરંગા યાત્રા યોજાઈ ગઈ.

સુરતમાં બાલાજી ગર્લ્સ હાઇસ્કૂલ ભાગળ ખાતે હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત યોજાયેલી રંગોળી સ્પર્ધામાં **415** જેટલા વિદ્યાર્થીએ ભાગ લીધો હતો.

તાપી જિલ્લાના સોનગઢ ખાતે પોલીસ વિભાગે યોજેલી રેલીમાં બેન્ડ દ્વારા દેશભક્તિની ધૂન રજૂ કરવામાં આવી હતી.

કચ્છ જિલ્લા વહીવટી તંત્રે યોજેલી યાત્રામાં સાંસદ વિનોદ ચાવડા તેમ જ અન્ય સ્થાનિક આગેવાનો સહિત 3 હજારથી વધુ લોકો જોડાયા હતા.

દમણમાં પણ નગરપાલિકા અને જિલ્લા પંચાયત દ્વારા આ અભિયાન અંતર્ગત નમો પથથી બસમથક સુધી બાઈક રેલી યોજવામાં આવી હતી.

નવસારી જિલ્લાના બીલીમોરામાં જિલ્લા કલેકટર ક્ષિપ્રા આગ્રેની ઉપસ્થિતિમાં ૭૫ મીટરના રાષ્ટ્રધ્વજ સાથે તિરંગા યાત્રા યોજાઇ.

નર્મદા જિલ્લાના રાજપીપળા નગરમાં નાંદોદ ધારાસભ્ય ડો. દર્શના દેશમુખની વિશેષ ઉપસ્થિતિમાં સ્વચ્છતા અભિયાન અંતર્ગત તમામ મહાપુરુષોની પ્રતિમાની સફાઈ કરી તેમને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

આમ, હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત સમગ્ર રાજ્યમાં વિવિધ પ્રવૃત્તિ થકી વિવિધ જિલ્લામાં અત્યાર સુધી 16 લાખ 47 હજાર જેટલા તિરંગાનું વિતરણ પણ કરાયું છે.

--------

## NATIONAL SPACE DAY

રાષ્ટ્રીય અવકાશ દિવસ નિમિત્તે  ગુજરાત કાઉન્સિલ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી અને સ્પેસ એપ્લિકેશન સેન્ટરના સંયુક્ત ઉપક્રમે રાજ્યભરમાં આજથી વિવિધ કાર્યક્રમો યોજાશે.

સ્પેસ એપ્લિકેશન સેન્ટરના નિયામક નિલેશ દેસાઈએ ગાંધીનગરની કેન્દ્રીય વિદ્યાલય ક્રમાંક એકની શાળાથી આ ઉજવણીનો પ્રારંભ કરાવ્યો હતો. 23 ઓગષ્ટ સુધી ચાલનારી આ ઉજવણીમાં પાટણ ભુજ ભાવનગર રાજકોટના પ્રાદેશિક વિજ્ઞાન કેન્દ્રો ઉપરાંત કમ્યુનિટી સાયન્સ સેન્ટરમાં અવકાશ અંગેન ફિલ્મ શો, અવકાશ વૈજ્ઞાનિકો સાથે ચર્ચા તેમજ રોકેટરી વર્કશોપ અને પેઇન્ટિંગ સ્પર્ધા સહિતની વિવિધ સ્પર્ધાઓ યોજશે.

ઉલ્લેખનીય છે કે, વિજ્ઞાન અને ટેકનોલોજી પ્રત્યે શાળાના વિદ્યાર્થીઓમાં રુચિ કેળવવા માટે દર વર્ષે 23મી ઓગસ્ટનો દિવસ રાષ્ટ્રીય અવકાશ દિવસ તરીકે ઉજવાય છે.

--------

## STATE RAIN

રાજ્યમાં છેલ્લા 24 કલાકમાં 31 જિલ્લાના 153 તાલુકામાં વરસાદ નોંધાયો છે. જ્યારે રાજ્યમાં અત્યાર સુધી મોસમનો સરેરાશ 71 ટકા વરસાદ નોંધાયાના અહેવાલ છે. સત્તાવાર યાદી મુજબ, રાજ્યના 62 ડેમ હાઈ-અલર્ટ પર, 16 ડેમ અલર્ટ અને 11 ડેમ વૉર્નિંગ પર છે.

રાજ્યના હવામાન વિભાગે આજથી બુધવાર સુધી દરિયો ન ખેડવા પણ સૂચના આપી છે.

--------

## NARMADA JAL SANGRAHA

રાજ્યની જીવાદોરી સમાન 'સરદાર સરોવર' ડેમમાં અત્યાર સુધીમાં 90 ટકાથી વધુ જળસંગ્રહ થયો છે. જ્યારે રાજ્યના 49 જળાશય સંપૂર્ણ છલકાતા હાઈ-અલર્ટ જાહેર કરાયું છે.

જળસંપત્તિ વિભાગની યાદીના જણાવ્યા મુજબ, રાજ્યના અન્ય 206 જળાશયમાં કુલ સંગ્રહશક્તિના 62 ટકા જળસંગ્રહ થયો છે. જ્યારે 13 જળાશય 90 ટકાથી 100 ટકા ભરાતા હાઈએલર્ટ જાહેર કરાયા છે.

રાજ્યના 40 ડેમ 70 ટકાથી 100 ટકા ભરાતા અલર્ટ અપાયું છે. ઉપરાંત 20 ડેમ 50થી 70 ટકા ભરાતાં ચેતવણી આપવામાં આવી છે.

આજે સવારે 8 વાગ્યાના અહેવાલ મુજબ, ઉપરવાસમાં ભારે વરસાદના પરિણામે સરદાર સરોવરમાં સૌથી વધુ 2 લાખ 67 હજાર 807 ક્યૂસેક પાણીની આવક નોંધાઈ છે. જ્યારે ઉકાઈ યોજનામાં 60 હજાર 534 ક્યૂસેક પાણીની આવક થઈ છે.

----------------

## SOMNATH MAHADEV DARSHAN

પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવ મંદિરમાં આજે શ્રાવણ માસના બીજા સોમવારે પણ સમગ્ર મંદિર “હર હર મહાદેવ”ના નાદથી ગૂંજી ઊઠ્યું હતું. સવારે 10 વાગ્યા સુધીમાં 30 હજારથી વધુ શ્રદ્ધાળુએ સોમનાથ મહાદેવના દર્શન કર્યા હતા. આ અંગે શ્રી સોમનાથ ટ્રસ્ટના જનરલ મેનેજર વિજયસિંહ ચાવડાએ માહિતી આપી.

(બાઈટ - વિજયસિંહ ચાવડા, જનરલ મેનેજર, શ્રી સોમનાથ ટ્રસ્ટ)

------------------

## SARKARI SHALA PRAVESH

રાજ્યમાં વર્ષ 2024-25માં બાલવાટિકાથી ધોરણ 12 સુધીના કુલ 2 લાખ 29 હજાર 747 વિદ્યાર્થીઓએ ખાનગી શાળા છોડી સરકારી શાળાઓમાં પ્રવેશ મેળવ્યો છે. અમદાવાદ મહાનગરપાલિકામાં સૌથી વધારે 37 હજાર 786 વિદ્યાર્થીએ ખાનગી શાળામાંથી સરકારી શાળામાં પ્રવેશ લીધો છે.

સુરત મહાનગરપાલિકામાં કુલ ૨૨, હજાર ૮૯૨ વિદ્યાર્થીઓ, વડોદરા મહાનગરપાલિકામાં કુલ ૧૦ હજાર ૬૦૨ વિદ્યાર્થીઓ અને રાજકોટ મહાનગરપાલિકામાં કુલ 5 હજાર ૨૦૪ જેટલા વિદ્યાર્થીઓએ ખાનગી શાળાઓમાંથી સરકારી શાળામાં પ્રવેશ મેળવ્યો છે.

-------------------------------